# દેશભરમાં બેંક સેવા ખોરવાઈ

મુંબઈ,તા. ૨૨

સૂચિત સુધારાઓ સામેના વિરોધમાં ભારતમાં બેંક કર્મચારીઓની બે દિવસની હડતાળ આજે સવારે શરૂ થઈ ગઈ હતી. બેંક હડતાળના કારણે સેવા સંપૂર્ણપણે ઘણાં વિસ્તારમાં ખોરવાઈ ગઈ હતી. ચેકના ક્લિયરીંગ અટવાઈ ગયા હતા. કલીયરીંગ ઉપરાંત ડિપોઝીટ, વિડ્રોઅલને પણ માઠી અસર થઈ હતી. આ ઉપરાંત એટીએમમાં નાણાંની તકલીફ પણ પડી હતી. આશરે ૧૦ લાખ કર્મચારીઓ આજે સવારથી હડતાળ ઉપર ઉતરી ગયા હતા. જેમાં ૨૪ જાહેર ક્ષેત્રોની બેંક ૧૨ ખાનગી ક્ષેત્રોની બેંક અને છ વિદેશી બેંકોના કર્મચારીઓના હડતાળ પર ઉતરી ગયા હતા. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન દ્વારા આ હડતાળની હાકલ કરવામાં આવી હતી. પીએસયુ બેંકોના કર્મચારીઓ અને ઓફિસરના નવ યુનીયનોની છત્ર સંસ્થા હડતાળ ઉપર ઉતરી હતી. એટીએમ મશીનોમાં ઘણી જગ્યાએ નાણાં ખુટી પડ્યા હતા. હડતાળ સામાન્ય રીતે આગળ વધી હતી. ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણનો પણ વિરોધ થઈ રહ્યો છે. જો કે આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી બેંક અને એક્સિસ બેંક તથા વિદેશી બેંકોને ઓપરેશન સામાન્ય રહ્યું હતું.



સૂચિત સુધારાઓ સામેના વિરોધમાં આ હડતાળ શરૂ થઈ છે જેથી બેંકીંગ સેવાને માઠી અસર થઈ હતી. મોટી સંખ્યામાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. મર્જરને સરળ બનાવે અને વધુ ખાનગી મૂડીને મંજૂરી આપવા સાથે સંબંધિત સૂચિત સુધારાને લઈને આ હડતાળ પાડવામાં આવી છે. બેંકીંગ સેક્ટરમાં સૂચિત સુધારાઓને લઈને બેંક કર્મચારીઓ ભારે નાખુશ દેખાઈ રહ્યા છે. આઉટ સોર્સિંગનો મુદ્દો પણ આમા સામેલ છે. આ હડતાળમાં આશરે ૧૦ લાખ કર્મચારીઓ જોડાયા છે. હડતાળના કારણે સરકારી અને કેટલીક ખાનગી તથા વિદેશી બેંકો સહિત ૭૦ હજારથી વધુ બેંક શાખાઓને અસર થઈ છે. આમા દેશને સૌથી મોટી એસબીઆઈ બેંકનો પણ સમાવેશ થાય છે. ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસીએશનના સેક્રેટરી વિશ્વાસ ઉતેગીએ કહ્યું છે કે હડતાળને સંપૂર્ણ સફળતા મળી છે. તેમને કહ્યું છે કે અમે સુધારાની વિરુદ્ધમાં નથી પરંતુ આ સુધારા જાહેર ક્ષેત્રની બેંકોની વિરુદ્ધમાં છે. જોરદાર દેખાવો જારી રાખવામાં આવશે. હડતાળના કારણે શેર અને મૂડી બજારમાં પણ કારોબાર નબળો રહ્યો છે. અલબત્ત બેંકો મૂળભૂત માર્કેટ ઓપરેશન આગળ વધે તેની ખાતરી કરી રહી છે. હડતાળના કારણે ચેક ક્લિયરીંગ અને ઓટોમેટેડ ટેલર મશીન (એટીએમ)માં રોકડની ઉપલબ્ધતાને માઠી અસર થઈ રહી છે. એશિયાના ત્રીજા સૌથી મોટા અર્થતંત્ર ભારતમાં બેંકીંગ, રિટેલ અને વિમા જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોને ઉદાર બનાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે. મોટાભાગની ખાનગી બેંકોની સેવા જારી રહી છે. ઈન્ડિયન બેંક એસોસીએશન (આઈબીએ) દ્વારા જણાવવામાં આવ્યું છે કે બે દિવસની હડતાળની અસર વધારે દેખાઈ રહી નથી. નાણાંકીય ક્ષેત્રમાં સુધારા અને નોકરીના આઉટ સોર્સિંગના મુદ્દાઓ પણ હાથ ધરવામાં આવ્યા છે. આઈબીએના વડા અને મુખ્ય કારોબારી કે રામકૃષ્ણને કહ્યું છે કે જાહેર ક્ષેત્રની બેંકોની ૮૭ હજાર શાખાઓના કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા છે. આશરે ૧૦ લાખ જેટલા કર્મચારીઓ હડતાળ ઉપર ઉતર્યા હોવાના અહેવાલ મળ્યા છે. પીએસયુ બેંકોના ૬૩ હજાર એટીએમ છે જે દેશમાં બેંકીંગ કારોબારના આશરે ૭૫ ટકા સુધી છે. ઓફિસર અને કારોબારીઓના જુદા જુદા મત મળી રહ્યા છે. બીજી બાજુ નેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ બેંક વર્કર્સના સેક્રેટરી જનરલ અશ્વિની રાણાએ કહ્યું છે કે ચીફ લેબર કમીશનર સાથે વાતચીત નિષ્ફળ ગઈ છે. સરકાર અને આઈબીએ દ્વારા માંગનો કોઈ જવાબ આપવામાં આવ્યો નથી. ખાંડેલવાલ કમીટિએ કેટલાક એવા સૂચન કર્યા છે જેનાથી બેં કર્મચારીઓ નારાજ છે. જેમાં ઓફિસરો અને કલાર્ક માટે કોમ્પ્યુટર કુશળતા ફરજિયાત બનાવવાની બાબત સામેલ છે. આ ઉપરાંત માનવ સંશાધન અંગે કેન્દ્ર દ્વારા નિમવામાં આવેલી ખાંડેલકર કમિટીએ ક્લાર્ક અને પેટા સ્ટાફ માટે લઘુતમ લાયકાત ક્રમશ ગ્રેજ્યુએશન અને ધોરણ ૧૦ કરવાની પણ વાત કરી છે. હડતાળમાં જે યુનિયનો જોડાયા છે તેમાં ઓલ ઈન્ડિયા બેંક એમ્પોઈ એસોસીએશન, ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ કન્ફરડેરેશન, નેશનલ કન્ફરડેરેશન ઓફ બેંક એમ્પોઇ, ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ એસોસીએશન, બેંક એમ્પોઈ ફેડરેશન ઓફ ઈન્ડિયા, ઈન્ડિયા નેશનલ બેંક એમ્પોઈડ ફેડરેશન, ઈન્ડિયન નેશનલ બેંક ઓફિસર્સ કોંગ્રેસ, નેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ બેંક વર્કર્સ અને નેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ બેંક ઓફિસર્સનો સમાવેશ થાય છે. આ તમામ યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયનના ભાગરૂપે છે.

## સમાચાર ઝલક

- ગુજરાતની ૧૫૮ સ્વૈચ્છિક સંસ્થાઓ (બિન સરકારી) પર વિદેશી ભંડોળ મેળવવા પર પ્રતિબંધ.
- મહિલાઓને શોષણથી બચાવવા દેશવ્યાપી હેલ્પ લાઇન શરૂ થશે.
- ૧૦ મિનિટમાં ૨૫,૦૦૦ રોટલી વણીને 'કડવીબાઇ વિરાણી કન્યા વિદ્યાલય' રાજકોટની છાત્રાઓ લિમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ સર્જશે, રોટલીનું ભોજન દર્દીઓને શાક સાથે પીરસાશે.
- દુષ્કાળથી જગત તાતને ૫૦,૦૦૦ કરોડનું નકશાન.
- પાકિસ્તાનની સ્કૂલોમાં હિન્દુ-મુસ્લિમ બાળકોનાં વર્ગ અલગ-અલગ.
- ગુજરાતનાં ૪૨ તાલુકાઓમાં નવી નારી અદાલતો ખોલાશે.
- ઇશાન ભારતીયોનાં સ્થળાંતર મુદ્દે અમેરિકી સહકાર માંગતુ ભારત.
- રાજકોટમાં માસૂમ ભાળકીના મોત માટે ડો. દેત્રોજાની ધરપકડ, ફોરેન્સિક પોસ્ટમોર્ટમ રીપોર્ટના આધારે કાર્યવાહી કરાઇ.
- હવે ચૂંટણીમાં શરાબની સાથે ગૂટખાની માંગણી વધશે.
- અમેરિકામાં એક હોટેલ છે !!! જેમાં માત્ર કૂતરાંઓને જ એન્ટ્રી.
- ૬ મહિનામાં ખાદ્ય ચીજોના ભાવો ૩૨ ટકા ઉછળ્યાં.
- ચીનમાં 'કચ્છી' યુવતી છવાઇ, સ્કેટિંગમાં ૩ ગોલ્ડ કપ જીત્યા.
- 'બીગ બી'એ બનાવેલી ગુજરાતી ફિલ્મ 'સપ્તપદી' રિલીઝ માટે તૈયાર.
- ટાયરના ભાવમાં પંકચર રૂા. ૫૦ થી ૨૦૦ સુધીનો ઘટાડો.
- ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, અમદાવાદ, ભાવનગર શહેરોમાં સ્માર્ટ આર.સી. બુક તા.૧લી સપ્ટેમ્બરથી અમલ.
- દિલ્હી, જયપુરમાં જયબંબાકાર, જયપુરમાં છેલ્લા ૩૦ વર્ષનો રેકોર્ડ તોડતાં મેઘરાજા, શાળાઓમાં રજા.



રાષ્ટ્રીય કોંગ્રેસના મહામંત્રી રાહુલ ગાંધી તેમજ તેમના બહેન પ્રિયંકા વાઢેરાએ નવી દિલ્હી ખાતે વિકલાંગોને સાધન વિતરણ કરવાના કાર્યક્રમમાં હાજરી આપી હતી.

## ઉત્તર-પૂર્વના વિદ્યાર્થીઓ ક્લાસ રૂમમાં પરત ફરવા લાગ્યા

બેંગ્લોર, તા.૨૨

ઉત્તર પુર્વના વિદ્યાર્થીઓ ફરીવાર ક્લાસરૂમમાં પરત ફરવા લાગી ગયા છે. સ્થિતીમાં સુધારો થતાં વિદ્યાર્થીઓમાં પણ વિશ્વાસ જાગ્યો છે. ગયા સપ્તાહમાં તંગદીલીના કારણે વિદ્યાર્થીઓ ક્લાસરૂમમાં આવી રહ્યા ન હતા. સાથે સાથે મોટાપાયે લોકો બેંગ્લોરમાંથી હિજરત પણ કરી રહ્યા હતા. આ આંકડો ૩૦૦૦૦ સુધી પહોંચ્યો હતો. પરંતુ હવે સ્થિતી સામાન્ય બની ગઈ છે જેથી વિદ્યાર્થીઓ ક્લાસમાં પણ પહોંચી રહ્યા છે. મળેલી માહિતી મુજબ મોટાભાગના વિદ્યાર્થીઓ તેમના વતન પણ જતા રહ્યા છે. કોલેજો આ વિદ્યાર્થીઓ પરત ફરે તેવી અપેક્ષા રાખી રહી છે. જે વિદ્યાર્થીઓ તંગદીલી દરમિયાન પણ બેંગ્લોરમાં જ રોકાયેલા હતા તે વિદ્યાર્થીઓ હવે ધીમે ધીમે ફરી ક્લાસમાં આવવા લાગ્યા છે. ઉત્તર પુર્વના વિદ્યાર્થીઓ હવે ક્લાસમાં દેખાઈ રહ્યા છે. જાણકાર સુત્રોએ કહ્યું છે કે સ્થિતીમાં આગામી દિવસોમાં વધુ સુધારો થશે. માઉન્ટ કારમેલ કોલેજમાંથી ૯૦ ટકા ઉત્તર પુર્વના વિદ્યાર્થીઓ વતન જતા રહ્યા છે. મધ્ય સેમીસ્ટરની પરીક્ષાઓ બુધવારથી શરૂ થઈ ચુકી છે. ગામમાં પહોંચી ગયેલા કેટલાક વિદ્યાર્થીઓ કોઈપણ જોખમને ટાળવા કેમ્પસમાં પરત ફર્યા નથી. પરંતુ આ વિદ્યાર્થીઓને પરત બોલાવવા માટે જરૂરી સુચનો આપી દેવાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં જ એવી અફવા ફેલાઈ હતી કે ઉત્તર પુર્વીય રાજયના લોકો અને વિદ્યાર્થીઓ પર હુમલાઓ કરવામાં આવશે. આવી દહેશતના કારણે ભારે અફડાતફડી મચી ગઈ હતી.

## ઉત્તર પ્રદેશમાં ગરીબો માટે ફ્રિ એમ્બ્યુલન્સ સર્વિસ શરૂ

લખનૌ, તા. ૨૨

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે આજે આર્થિક રીતે નબળા વર્ગ માટે મફત એમ્બ્યુલન્સ સેવાની જાહેરાત કરી હતી. સાથે સાથે આઉટડોર દર્દીઓ માટે એડમિશન ફીને માફ કરવાની પણ જાહેરાત કરી હતી. લખનૌમાં ઉત્તર પ્રદેશ એમ્બ્યુલન્સ સેવા શરૂ કરવાની જાહેરાત કરતા સરકારે એવો નિર્ણય કર્યો હતો કે નાણાંકિય રીતે નબળા રહેલા લોકોને મફત એમ્બ્યુલન્સ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે. જે લોકો આના માટે નાણાં ચુકવવાની સ્થિતીમાં નથી તેવા લોકોને આ સુવિધાનો લાભ મળશે. દર્દિઓ પાસેથ લેવામાં આવતી ૩૫ રૂપિયાની પ્રવેશ ફી પણ માફ કરી દેવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે શરૂઆતમાં ૨૦૦ એમ્બ્યુલન્સ રજુ કરવામાં આવી રહી છે. ઓક્ટોબર સુધી તમામ ૨૭૨ વાહનોની સેવા લેવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે દરેક બ્લોકમાં એક એમ્બ્યુલન્સ ઉપલબ્ધ બને તેની ખાતરી કરવામાં આવી રહી છે. સમાજવાદી પાર્ટીના ચુંટણી ઢંઢેરામાં આ મુજબની વાત કરવામાં આવી હતી. ટુંક સમયમાં જ ૧૦૮ નંબરની સેવા પણ શરૂ કરવામાં આવશે. અખિલેશે કહ્યું હતું કે નેશનલ રૂરલ હેલ્થ મિશનમાં જે રીતે કૌભાંડો સપાટી ઉપર આવ્યા છે તે જોતા તેમાં પણ તપાસ હાથ ધરવામાં આવી છે. એનઆરએચએમ કૌભાડમાં રાજ્યો સામે પ્રશ્નો ઉઠી રહ્યા છે. સમગ્ર દેશમાં ઉત્તર પ્રદેશની પ્રતિષ્ઠાને અસર થઈ છે. ગરીબ અને વંચીત લોકોને તમામ પ્રકારની તબિબિ સુવિધા મળે એની ખાતરી કરાવમાં આવી રહી છે. આ પ્રસંગે બોલતા આરોગ્ય પ્રધાન અહેમદ હસને કહ્યું હતું કે કઠોર પગલા ભ્રષ્ટાચારીઓ સામે લેવામાં આવશે. કોઈપણ કૌભાંડ ન થાય તેની ખાતરી કરાશે. દરેક પૈસાનો યોગ્ય રીતે ઉપયોગ પણ કરાશે.

## જયપુરમાં ભારે વરસાદ થતાં જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત

જયપુર,તા. ૨૨

રાજસ્થાનના પાટનગર જયપુર અને આસપાસના વિસ્તારોમાં અતિભારે વરસાદ થવાના કારણે જનજીવન સંપુર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. જયપુરમાં અતિભારે વરસાદના કારણે સમગ્ર શહેરમાં અફડાતફડી મચી ગઈ છે. ગઈકાલે મોડીરાત્રે શરૂ થયેલો વરસાદનો દોર આજે પણ જારી રહ્યો હતો. વરસાદ સંબંધીત જુદી જુદી ઘટનાઓમાં છ લોકોના મોત થયા છે. દિવાલ ધસી પડવા અને વીજળીના કરંટ લાગવાના કારણે આ લાકોના મોત થયા છે. રાજસ્થાનના મોટાભાગના વિસ્તારોમાં સારો વરસાદ થયો છે. ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારમાં આવેલી ૧૦૦ જેટલી કોલોનીઓમાં પાણી ભરાઈ ગયા છે. કોટ વિસ્તારમાં પણ પાણી ભરાઈ ગયા છે. જિલ્લા વહિવટી તંત્રએ આજે તમામ સરકારી અને ખાનગી સ્કુલોમાં રજાની



જાહેરાત કરી હતી. મંગળવારે ૧૧.૦૦ વાગ્યાથી શહેરમાં ભારે વરસાદ શરૂ થયો હતો. બુધવાર સવાર સુધી છ ઈંચથી પણ વધુ વરસાદ થયો છે. આશરે ચાર કલાક સુધી ભારે વરસાદનો દોર જારી રહ્યો હતો. લોકોને આખી રાત જાગતા કાઢવાની ફરજ પડી હતી. કારણે મકાનોમાં પાણી ભરાઈ ગયા હતા.

ઝુપડપટ્ટી વિસ્તારમાં રહેતા લોકોને છત ઉપર આશરો લેવાની ફરજ પડી હતી. કમિશ્નર ઓફ પોલીસ બીએલ સોનીનું કહેવું છે કે વરસાદના કારણે ચાર લોકોના મોત થયા છે. ભટ્ટા બસ્તીમાં દિવલ ધસી પડવાના કારણે બે બાળકોના મોત થયા હતા. સોડાલા વિસ્તારમાં વીજળીના કંરટ લાગવાથી બેના મોત થયા હતા. જ્યારે ઘાટી કી બુનીમાં વધુ બે બાળકોના મોત થયા હતા. કેટલીક સામાજીક સંસ્થાઓએ અસરગ્રસ્ત લોકો માટે ૫૦૦૦ ફુડ પેકેટોની વ્યવસ્થા કરી છે. મેયર જ્યોતી ખંડેલવાલે કહ્યું છે કે જવાહર નગર, શાસ્ત્રીનગર અને સોડાલામાં ઝુપડપટ્ટી વિસ્તાર અને કોટ શહેરના બજારોને સૌથી માઠી અસર પડી છે. જયપુર મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ વરિષ્ઠ અધિકારીઓ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટના કર્મચારીઓ પરિસ્થિતીની સમીક્ષા કરવા મેદાનમાં આવી ગયા છે. જે કોલોનીમાં પાણી ભરાઈ ગયા છે તે કોલોનીમાંથી પમ્પ મારફતે પાણી કાઢવામાં આવી રહ્યું છે. છેલ્લા એક સપ્તાહથી ભારે વરસાદ જારી રહ્યો છે. રાજસ્થાનના અન્ય ભાગોમાં પણ સારો વરસાદ થયો છે.

## પાકનો આંતરરાષ્ટ્રિય સરહદ ઉપર ફરી ભીષણ ગોળીબાર

જમ્મુ,તા. ૨૨

પાકિસ્તાની સૌનિકોએ આજે ફરી જમ્મુ કાશ્મીરના સાંબા સેક્ટરમાં આંતરરાષ્ટ્રિય સરહદ ઉપર ત્રણ ભારતીય ચોકીને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કર્યો હતો. ૧૮ દિવસ અંદર ૧૫મી વખત પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો છે. બીએસએફના અધિકારીએ માહિતી આપતા જણાવ્યું છે કે સાંબા સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર ત્રણ ભારતીય ચોકી ઉપર પાકિસ્તાની સૌનિકોએ ગોળીબાર કર્યો હતો. આ ગોળીબાર આશરે એક કલાક સુધી ચાલ્યો હતો. પાકિસ્તાની સૌનિકોએ નારાયણ ઉર્ફ, પિંડી અને સ્ટોપ-૨ ચોકીઓ ઉપર ગોળીબાર કર્યો હતો. બીએસએફના જવાનોએ જવાબમાં કોઈ કાર્યવાહી કરી ન હતી. આ ગોળીબારમાં જાનમાલના નુકશાનના કોઈ સમાચાર મળ્યા નથી. અત્રે ઉલ્લેખનીય છે કે પાકિસ્તાની મોર્ટારનો મારો ચલાવી, રોકેટ ઝીંકી અને નાના હથિયારોથી ગોળીબાર સહિત છેલ્લા ૧૮ દિવસમાં ૧૫ વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો છે. જમ્મુ કાશ્મીરમાં અંકુશ રેખા અને આંતરરાષ્ટ્રિય સરહદ ઉપર ગોળીબાર કરવામાં આવ્યો છે. ૧૯ અને ૨૦મી ઓગસ્ટના દિવસે પાકિસ્તાની રેન્જરોએ અનેક ચોકીઓ ઉપર ગોળીબાર કર્યો હતો જેમાં જમ્મુ સેક્ટરમાં અખનુર વિસ્તારમાં માલાબેલા, ગરહાલ, સીદ્રા કેમ્પ, નાકા નંબર - ૧૦નો સમાવેશ થાય છે. ૧૯મી ઓગસ્ટના દિવસે પાકિસ્તાની સૌનિકોએ પુંચ સેક્ટરમાં અંકુશ રેખા નજીક કૃષ્ણાઘાટી પટ્ટામાં અગ્રીમ ચોકી પર ગોળીબાર કરી યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. ૧૭મી ઓગસ્ટના દિવસે પણ આરએસ પોરા સેક્ટરમાં ભારતીય ચોકીઓ ઉપર પાકિસ્તાને ગોળીબાર કર્યો હતો. જેમાં બીએસએફના જવાનનું મોત થયું હતું.

## કોલસા બ્લોકની ફાળવણીના મામલે આજે સતત બીજા દિવસે બંને ગૃહ મોકૂફ કરાયાં

નવી દિલ્હી,તા. ૨૨

કોલસા બ્લોકની ફાળવણીનાં મામલે કેગના અહેવાલ બાદ વિરોધપક્ષો આક્રમક મુડમાં આવી ગયા છે. કોલસા બ્લોકની ફાળવણીના મામલે આજે સતત બીજા દિવસે ભારે ધાંધલ ધમાલ થઈ હતી. જેના કારણે સંસદની કામગીરી સતત બીજા દિવસે ચાલી શકી ન હતી. બીન ડાબોરી વિરોધ પક્ષોએ વડાપ્રધાન મનમોહનસિંહના રાજીનામાની માંગણી યથાવત રીતે જારી રાખી હતી. લોકસભા અને રાજયસભા બંનેમાં ભારે ધાંધલધમાલ થઈ હતી. વિપક્ષાના સભ્યોએ સરકાર ઉપર આકરા પ્રહારોનો મારો જારી રાખ્યો હતો. કોંગ્રેસ ઉપર પ્રહારો કરવામાં આવ્યા હતા. કોલસા બ્લોકની ફાલવણી અંગે તેના અહેવાલમાં કેગે કહ્યું હતું કે ખાનગી કંપનીઓને ૧.૮૬ લાખ કરોડનો ફાયદો સરકારની ઉદાસીનતાના કારણે થયો છે. દિવસભર માટે બંગે ગૃહોને મોકુફ કરી દેતા પહેલા લોકસભાને બે વખત અને રાજયસભાને ત્રણ વખત ૨.૦૦ વાગ્યા સુધી મોકુફ કરવામાં આવી હતી. બંને ગૃહોમાં સ્થિતી ન સુધરતા આખરે કાર્યવાહીને દિવસભર માટે મોકુફ કરી દેવામાં આવી હતી. બંગે ગૃહોને વિરોધપક્ષના સભ્યોએ સુત્રોચ્ચાર ચાલુ રાખ્યા હતા. કોયલે કી દલાલી હૈ સારી કોંગ્રેસ કાલી હૈ જેવા આક્ષેપો નારા મારફતે કરવામાં આવ્યા હતા.

પ્રધાનમંત્રી ગદી છોડો જેવા સુત્રોચ્ચાર પણ કરવામાં આવ્યા હતા. કોંગ્રેસના સભ્યોએ પણ વિપક્ષ પર વળતા પ્રહાર કર્યા હતા. ધાંધલ ધમાલ વેળા ગૃહના વડાપ્રધાન ઉપસ્થિત રહ્યા ન હતા. ભાજપ, શિવસેના, જનતાદળ યુનાઈટેડ, ટીડીપી, બીજેડી જેવા પક્ષોના સભ્યો નીચલા ગૃહની વચ્ચોવચ પહોંચી ગયા હતા. ડાબેરી સભ્યો આ જ મુદ્દે વિરોધ કરવા મેદાનમાં આવી ગયા હતા. ડાબેરીઓએ કોલસા બ્લોકની ફાળવણી અંગે વડાપ્રધાન પાસેથી નિવેદનની માંગણી કરી હતી. પરંતુ રાજીનામાની માંગણી કરી ન હતી. રાજ્યસભામાં એનડીએના સભ્યો આક્રમક મુડમાં દેખાયા હતા. શાસક પક્ષ તરફથી પણ વળતા આક્ષેપો કરવામાં આવ્યા હતા. બંને ગૃહોમાં સરકારે કહ્યું હતું કે તે આ મુદ્દે ચર્ચા માટે તૈયાર છે. પીએમઓમાં રાજ્ય પ્રધાન નારાયણસામીએ લોકસભામાં કહ્યું હતું કે વિરોધપક્ષોએ ચર્ચાથી દુર ભાગવાના પ્રયાસ કરવા જોઈએ નહીં. ઉપલાગૃહમાં સંસદીય બાબતોના રાજ્ય પ્રધાન રાજીવ શુક્લાએ આ પ્રકારની પ્રતિક્રિયા આપી હતી.

**પત્નીની પણ હત્યા કરાઇ**

## દિલ્હીમાં દૂરદર્શનના પૂર્વ નિર્દેશકની કરપીણ હત્યા

નવી દિલ્હી, તા.૨૨

પાટનગર દિલ્હીમાં દુરદર્શનના ભુતપુર્વ નિર્દેશક અને તેમની પત્નીની ઘાતકી હત્યા કરી દેવામાં આવતા સનસનાટી મચી ગઈ છે. આ સંબંધમાં પોલીસને કોઈપણ પુરાવા હાથ લાગ્યા નથી. હત્યારા ફરાર થઈ ગયા હતા. દિલ્હીમાં ગુનાઓનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહ્યું છે. પોલીસના ઉદાસીન વલણના કારણે અસમાજિક તત્વોની પ્રવૃત્તિ વધી રહી છે. પુર્વીય દિલ્હીના સકરપર વિસ્તારમાં દુરદર્શનના સોંગ્સ એન્ડ ડ્રામા ડિવિઝનના ભુતપુર્વ નિર્દેશક રાધાકૃષ્ણ બરારૂ અને તેમના પત્નીની હત્યા કરી દેવામાં આવી હતી. બરારૂ શકરપરના ડિ બ્લોકમાં પોતાની પત્ની દુર્ગા દેવી સાથે રહેતા હતા. મંગળવારે સાંજે આશરે ૭.૦૦ વાગે રાધાકૃષ્ણ બરારૂના આવાસ પર કામ કરનાર મહિલા પહોંચી ત્યારે બંને મૃત હાલતમાં નજરે પડ્યા હતા. નોકરાણીએ તરત જ બુમાબુમ મચાવી દીધી હતી. તરત જ પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે આશંકા વ્યકત કરતા કહ્યું છે કે આ હત્યામાં કોઈ જાણીતો શખ્સ સામેલ હોઈ શકે છે. પોલીસે હત્યા અને લુંટફાટનો મામલો દાખલ કર્યો છે.

પાટનગરમાં તાજેતરના દિવસોમાં વરિષ્ઠ નાગરિકોને અનેક વખત ટાર્ગેટ બનાવવામાં આવ્યા છે. હત્યા, અપહરણ, લુંટ, બળાત્કાર જેવા કેસ દિલ્હીમાં દિનપ્રતિદિન વધી રહ્યા છે. જેથી દિલ્હી ક્રાંઈમ કેપિટલ તરીકે ઉભરી આવતા પોલીસની પ્રતિષ્ઠાને પણ ફટકો પડ્યો છે.

## ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે આજે સેમીફાઇનલ જંગ થશે

ટાઉન્સવિલ્લે,તા.૨૨

ટાઉન્સવિલ્લેમાં આવતીકાલે ભારત આઈસીસી અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડકપની સેમીફાઈનલમાં ન્યુઝીલેન્ડ સામે ટકરાશે. ભારત અંડર-૧૯ વર્લ્ડકપની ફાઈનલમાં આગેકુચ કરવા માટે સંપુર્ણપણે સજ્જ છે. શરૂઆતમાં નિરાશાજનક દેખાવ કર્યા બાદ ટીમ ઈન્ડિયાનો દેખાવ સતત સુધર્યો હતો. વેસ્ટઈન્ડિઝ સામે પોતાની પ્રથમ મેચ જ ભારતે ગુમાવી દીધી હતી. ત્યારબાદ ભારતીય ટીમે ઝીમ્બાબ્વે અને પપુઆ સામે સતત બે મેચ જીતી હતી. ત્યારબાદ અંતિમ આઠમાં પાકિસ્તાન ઉપર એક વિકેટે જીત મેળવી હતી. આની સાથે જ ભારતે સેમીફાઈનલમાં આગેકુચ કરી લીધી હતી. હવે સેમી ફાઈનલમાં આવતીકાલે ન્યુઝીલેન્ડ સામે ભારત ટકરાશે. મહત્વપુર્ણ મેચમાં ઉતરતા પહેલા ટીમ ઈન્ડિયાને બેટીંગને લઈને ચિંતા સતાવી રહી છે. ટોપ ઓર્ડરના બેટ્સમેનો સંપુર્ણ પણે સફળ રહ્યા નથી. કેપ્ટન ઉનમુક્ટ ચંદે તેની ચાર ઈનિંગ્સમાં માત્ર ચાર રન બનાવ્યા છે. જયારે બાબા અપરાજીતે પાકિસ્તાન સામે અડધી સદી ફટકારી હતી પરંતુ તે અન્ય મેચમાં ફ્લોપ રહ્યો છે. ઓપનિંગ બેટ્સમેન પ્રશાંત ચોપડા પણ ફ્લોપ રહ્યો છે. અલબત્ત તે બે અડધી સદી કરી ચુક્યો છે પરંતુ તેની ક્ષમતા મુજબ તે પણ દેખાવ કરી શક્યો નથી. વિજય ઝોલ અને વિકેટ કિપર બેટ્સમ સમીપ પટેલ મિડલ ઓર્ડરમાં સારો દેખાવ કરવામાં સફળ રહ્યા છે. અલબત્ત ભારતીય ટીમ બોલિંગના ક્ષેત્રમાં શાનદાર રીતે ઉભરી આવી છે. ટીમ મુખ્ય રીતે કમલ પસ્સી, સંદિપ શર્મા અને રવિકાન્ત ઉપર આધારીત રહેશે. ફિલ્ડિંગના ક્ષેત્રમાં પણ ભારતીયો શ્રેષ્ઠ દેખાવ કરવામાં સફળ રહ્યા છે. ભારતની જેમ ન્યુઝીલેન્ડ પણ વેસ્ટઈન્ડિઝ સામે જીત મેળવવવામાં સફળ રહ્યા હતા. આવતીકાલે રમાનારી સેમીફાઈનલ મેચ રોચક બની રહેશે. ટીમ નીચે મુજબ છે.

ભારત : ઉલમુકટ ચંદ (કેપ્ટન), આકાશદિપ નાથ, બાબા અપરાજીત, પ્રશાંત ચોપડા, સંદિપન દાસ, હરમીત સિંહ, અખીલ હર્વાદકર, રૂશ કલારીયા, કમલ પસ્સી, સમીપ પટેલ, રવિકાન્ત સિંહ, સંદિપ શર્મા, હનુમાન વિહારી, વિકાસ મીશ્રા, વિજય ઝોલ

ન્યુઝીલેન્ડ : યંગ (કેપ્ટન), હોર્ન, હાઈડ, કાર્ટર, ડેવિડસન, ઓડોનેલ, વિલ, એડવાર્ડ નુટાલ, ઈસ સોઢી, જેકબ ડફી, મેથ્યુ કિન, સીન ડેવી, વોયરકોમ, યોગરાજા, નેન્સ, ફ્લેચર